## વિદેશી મૂડી FDI આપણી ગરીબીનો ઉપાય નથી

'સેવા' રાષ્ટ્રીય સંગઠન છે, જે ૧૩,૩૫,૦૦૦ બહેનોનું સંગઠન ધરાવે છે. તા. ૨૯-૧૧-૧૧ના રોજ 'સેવા' અમદાવાદ ખાતે મિટિંગ યોજાઇ. ચર્ચાનો વિષય હતો 'ભારતમાં રિટેઇલમાં ૧૦૦ ટકા રોકાણ માટેની છૂટની અસરો'. આ વિષય પર થયેલ ગહન ચર્ચાના મુદ્દા **UPA** સરકાર સામે મૂકવા માટેની સહમતી સધાઇ. **NSSO**ના સર્વે પ્રમાણે ભારતમાં ૯૪ ટકા અસંગઠિત ક્ષેત્રના કામદારો છે, બહારના રોકાણની નોંધનીય અસર તેમના પર પડશે. અમને ડર છે કે **FDI**ની અસર ખેતીમાં ઉદ્યોગીકરણ વધારશે અને ભારતના સિમાંત ખેડૂતો અને તેમના જીવનધોરણ પર સીધી અસર કરશે.

અમારો અનુભવ જણાવે છે કે મોટા ઉદ્યોગો સામે નાના ઉદ્યોગો, વિક્રેતાઓ ટકી શકતા નથી. ભાગલપુરના વણાટકામના કામદારો આનું સચોટ ઉદાહરણ છે, જ્યાં કોરિયા અને ચાઇનાના આર્ટિફિશિયલ વણાટને કારણે કામદારોની રોજગારી ખોરવાઇ, ઓરિજનલ સિલ્ક લુપ્ત થયું. તેવી જ રીતે મધ્યપ્રદેશના અતિપ્રખ્યાત 'માલવા' ઘઉંનું ઉત્પાદન નહીવત્ થયું છે, તેની જગ્યાએ સોયાબિનનું ઉત્પાદન વધ્યું છે, જેની અસર સ્થાનિક સમુદાયના ખોરાક અને તેમના જીવનધોરણ પર પણ પડી છે.

અમને ડર છે કે રોજગારી વધવાની ભ્રમણા તૂટશે, કારણ કે રિટેઇલ ચેઇન માટેની પ્રક્રિયા વિશ્વના બીજા ભાગોમાં પણ સફળ નીવડી નથી.

અમે **UPA** સરકારને નિવેદન કરીએ છીએ કે ભારતમાં રિટેઇલમાં **FDI**ના ૧૦૦ ટકા રોકાણ માટે ફેરવિચારણા કરે. અમે દઢપણે માનીએ છીએ કે સ્થાપિત અને રાષ્ટ્રીય રોકાણને પ્રોત્સાહન મળવું જોઇએ. આ પ્રકારનું રોકાણ સ્થાનિક ઉત્પાદકો અને સંસ્થાઓ કે જે અસંગઠિત ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરે છે તેને પ્રોત્સાહિત કરવું જોઇએ. **FDI**નું પગલું લેવાથી આપણે આપણી સામેના પડકારો જેવા કે ભૂખમરો, હિંસા, ખાદ્યસુરક્ષાની સમસ્યાઓ ઉકેલાવાની નથી.

**'સેવા', નેશનલ કાઉન્સિલનો ઠરાવ. તા. ૨૯-૧૧-૧૧, અમદાવાદ**